સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૨/૧૪૨૮/ન.બા.૯૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૮/૦૪/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૨૮/૦૩/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૦૭/ન.બા.૧૨/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૧/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૨૧-૨૨/૨૬૪૪

**આમુખઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને એમ.ફીલ અને પી.એચ.ડી.ના અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે. વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને એમ.ફીલ માટે વાર્ષિક રૂ.૨૫,000/- અને પી.એચ.ડી. માટે વાર્ષિક રૂ.30,000/- શિષ્યવૃત્તિ આપવાનું ઠરાવવામાં આવેલ છે. જેમાં હાલની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,000/- તથા શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,000/- ધ્યાને લેવામાં આવે છે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોવાથી તેમજ હાલની વધતી જતી મોંઘવારી સામે એમ.ફીલ અને પી.એચ.ડી.ના અભ્યાસક્રમો માટેના ખર્ચની સામે આપવામાં આવતી શિષ્યવૃત્તિ ઘણી અપૂરતી છે. જેના લીધે આ જાતિના વિદ્યાર્થીઓ એમ.ફીલ અને પી.એચ.ડી. જેવા ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જતા હોય છે અને તેઓનો શૈક્ષણિક વિકાસ રૂંધાઇ જાય છે, જેના લીધે સરકારશ્રીનો પછાત વર્ગોનો શૈક્ષણિક વિકાસનો હેતુ સિધ્ધિ થઇ શકતો નથી. તેથી આ જાતિના વિદ્યાર્થીઓ પોતાની કારકીર્દી સરળતાથી આગળ ધપાવી શકે તે માટે પી.એચ.ડી.ના અભ્યાસક્રમો માટે આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વધારો કરવો જરૂરી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં વધારો કરવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી હાલની વાર્ષિક શિષ્યવૃત્તિ રૂ.૩૦,૦૦૦/- થી વધારીને વિદ્યાર્થીદીઠ રૂ.૧,૦૦,૦૦૦/- કરવાનું ઠરાવવામાં આવે છે.

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન રહેશે:

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજનાને CM Dash Board સાથે લિંક કરવી.

(૧૦) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન/ એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૨) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/ રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઇ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૧૪) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૫) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૬) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૭) ઉક્ત સુધારેલ દર નવા શૈક્ષણિક સત્રથી જ અમલી બનશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નીચે મુજબના બજેટ સદર હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે:

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૨ |
| મુખ્ય સદર | ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.જનજાતિઓ, અન્ય પછાતવર્ગનું કલ્યાણ અને લઘુમતી કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ |
| ગૌણ સદર | ૨૭૭-શિક્ષણ |
| પેટા સદર | (૦૩) ઓબીસી-૨, અન્ય પછાત વર્ગોના પોસ્ટ એસ.એસ.સી. પછીના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન (શિષ્યવૃત્તિ, વૃત્તિકા, સાધનસહાય, ભોજન બીલ, ટેબ્લેટ વિ.) એમ.ફીલ અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ (સા.શૈ.પ.વ.) |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૫/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેક્ટ ફાઇલ